દિવાળીની ખરીદીમાં ચીની ચીજવસ્તુનો બહિષ્કાર કરવા જાગૃત નાગરીકની અપીલ

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના ઉરી સેકટરમાં આવેલ સૈનિકોના કેમ્પ પર ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કર્યો હતો. આ હુમલામાં અંદાજે ૧૮ ભારતીય જવાનો શહીદ થયા છે જયારે કેટલાક સૈનિકો ઘાયલ થયા છે. ત્યારે આંતકવાદીને પ્રોત્સાહન આપતો દેશ પાકિસ્તાન અને તેની સાથે તેની તરફેણ કરતા દેશ ચીનને શબક શીખવાડવાનો સમય આવી ગયો છે. દિવાળી ટાણે કોઈપણ ચીજવસ્તુની ખરીદીમાં ચીની બનાવટ આવે તો તેનો બહિષ્કાર કરીને ચીનને શબક શીખવાડવા શહેરના જાગૃત નાગરીકે અનુરોધ કર્યો છે.

પાકિસ્તાનમાં આંતકવાદ ઉછરે છે તે સત્ય હકીકત છે આ વાતને સમગ્ર વિશ્વ ના દેશ માની રહ્યા છે. ત્યારે માત્ર પાકિસ્તાનની તરફદારી કરવા માટે ચીન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ચીનને પાઠ ભણાવવા ભારતમાં આવતી ચીની બનાવટના બાળકોના રમકડા, ફટાકડા, પતંગની દોરી, ક્રોકરી, સાયકલ, સાઉન્ડ સિસ્ટમ, મોબાઈલ, વિજ ઉપકરણો સહિતની ચીજવસ્તુઓ કાયદેસર તેમજ ગેરકાયદેસર આપણા બજારમાં ઠલવાઈ રહી છે. ત્યારે ચીની બનાવટની ચીજવસ્તુનો બહિષ્કાર કરવાનો સમય આવી ગયો છે.દેશમાંથી અનેક સ્થળોએથી બહિષ્કારના એલાન થવા લાગ્યા છે. ત્યારે ગુજરાતના પાટનગરથી પણ ચીની ચીજવસ્તુનો બહિષ્કાર કરવામાં આવે તેમ શહેરના જાગૃત નાગરીક ભગવાનભાઈ ગોહેલે નગરજનોને અપીલ કરી છે.

શહેરના બજારોમાં આવેલ મીઠાઈની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી. દિપાવલીના તહેવારમાં ડ્રાયફ્રુટ, માવાની મીઠાઈ, ચોકલેટ, બિસ્કીટ સહિતની ચીજવસ્તુ ગીફટ પેકમાં ઉપલબ્ધ છે. પરંતુ ગીફટ પેકમાં પણ આ વર્ષે આકર્ષક વિવિધ ટ્રે, બાસ્કેટ, મીનાકળી, ઓક્સોડાઈસ અને હેન્ડીક્રાફટની સુંદર સજાવટથી તૈયાર કરવામાં આવેલ ટ્રે તેમજ ટોપલીનો સમાવેશ થાય છે. ત્યારે બજારમાં મીઠાઈ હોય કે ડ્રાયફ્રુટનું તૈયાર ગીફટપેક ગ્રાહકો સૌથી વધુ રૂ.૫૦૦ થી ૨૦૦૦ સુધીના પેંકીગ સૌથી વધુ વેચાય છે.

સચિવાલયમાં ફરજ બજાવતા જમાદારનું હાર્ટ એટેકથી મૃત્યુ

રાષ્ટ્રપતિ બંદોબસ્તમાં જવા નિકળ્યા તે પહેલા તબિયત લથડી : બે દિવસથી તબિયત નરમ હતી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરનાં સે-૨૩ ખાતે રહેતા અને સચિવાલય ખાતે સલામતિ શાખામાં ફરજ બજાવતા એ.એસ.આઈની બે દિવસથી તબિયત નરમ હતી અને સે-૨૨ ખાતે ખાનગી દવાખાનામાં સારવાર ચાકી રહી હતી. આજે સવારે રાષ્ટ્રપતિ બંદોબસ્તમાં તેમને જવાનુ હતુ પરંતુ છાતીમાં અચાનક દુઃખાવો શરુ થઈ જતા પોલીસ સ્ટેશન વર્ધી લખાવી હતી કે તબિયત બગડી હોવાથી હાજર રહી શકશે નહી. દરમ્યાન હાર્ટ એટેક આવી જતા તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી શરુ કરુ છે.

શહેરનાં સેકટર-૨૩ બી-૧ ટાઈપ બ્લોક નં.૧૫૬/૧૨ ખાતે રહેતા ૫૫ વર્ષિય રતિલાલ હિરાજી રાઠોડ સચિવાલયમાં સલામતિ શાખામાં એ.એસ.આઈ તરિકે ફરજ બજાવતા હતા. થોડા દિવસથી તેમની તબિયત નાદુરસ્ત રહેતી હતી. ગઈ કાલે પણ છાતીમાં દુઃખાવો શરુ થતા ઓફીસમાંથી સે-૨૨ ની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. દરમ્યાન આજે સવારે તેમને રાષ્ટ્રપતિ બંદોબસ્તમાં તૈનાત થવાનું હતુ પરંતુ તે ઘરે હતા ત્યારે તેમની તબિયત ફરી લથડતા બંદોબસ્તમાં આવી નહી શકે તેવી વર્ધી લખાવી હતી. દરમ્યાન સાડા અગિયાર વાગ્યાનાં અરસામાં છાતીમાં દુઃખાવો થયા બાદ બેભાન થઈ ગયા હતા. તેમનો દિકરો વિક્રમભાઈ તથા પડોશીઓ તાત્કાલીક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જો કે ત્યા સુધીમાં તેમનો શ્વાસ રુંધાઈ ગયો હતો. હાર્ટએટેક આવતા એ.એસ.આઈ નું મૃત્યુ થઈ ચુક્યુ હતુ. સે-૨૧ પોલીસ મથકનાં જમાદાર બક્ષદેવભાઈએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી કાર્યવાહી શરુ કરુ છે.

કબડ્ડી વર્લ્ડકપ જીતવામાં સાઈ ગાંધીનગરનો અમૂલ્ય ફાળો

સ્ટાર ખેલાડીઓ રાહુલ ચૌધરી, સંદિપ નરવાલ, મોહિત ચિલ્લર અને દિપક હુડ્ડા સાંઈ ગાંધીનગરના તાલીમાર્થીઓ

ગાંધીનગર, તા. ૨૩

કબડ્ડી વર્લ્ડકપ ૨૦૧૬માં ભારતે ફાઈનલ મેચમાં મજબૂત પ્રતિસ્પર્ધી ઈરાનને હરાવી વિશ્વ વિજય પ્રાપ્ત કર્યો છે. આ સમગ્ર ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમના ઓલ રાઉન્ડર્સનું યોગદાન ખૂબ જ પ્રસંશનીય રહ્યું છે.

કેપ્ટન કૂબ અનુપકુમાર અને સ્ટાર રેઈડર અજય ઠાકુર ઉપરાંત પણ ટીમના બાકીના ખેલાડીઓના ઉત્કૃષ્ઠ પ્રદર્શનમાં પણ ફાળો આ વિજયમાં રહેલો છે. આ ખેલાડીઓમાં ગાંધીનગર સાઈ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલા ચાર ખેલાડીઓ રાહુલ ચૌધરી, સંદિપ નરવાલ, મોહિત ચિલ્લર અને દિપક હુડ્ડાનું પણ યશસ્વી પ્રદર્શન રહેવા પામ્યું છે.

ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કબડ્ડી માટેના "સેન્ટર ઓફ એક્સલેન્સી" ખાતે તાલીમ લઈ રહેલા આ ચારેય ભારતીય સ્ટાર ખેલાડીઓ કોચ જયવીર શર્મા પાસેથી દાવપેચ શીખ્યા છે. છેલ્લા સાત વર્ષથી સાઈ ગાંધીનગર ખાતે રાહુલ ચૌધરી અને સંદિપ નરવાલ તાલીમ લઈ રહ્યાં છે, દિપક હુડ્ડાએ વર્ષ ૨૦૧૩-૧૪માં તાલીમ લીધા બાદ વર્ષ ૨૦૧૬-૧૭માં ફરીથી તાલીમ લેવા આવ્યાં છે જ્યારે મોહિત ચિલ્લર છેલ્લા ત્રણ વર્ષથી અહીં તાલીમ મેળવી રહ્યાં છે. તમામ ખેલાડીઓનું કોચ જયવીર શર્મા દ્વારા સઘન કોચીંગ કરવામાં આવ્યું છે. જેના પ્રતાપે તેઓએ વર્લ્ડકપમાં પોતાનું શાનદાર યોગદાન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ ચૌધરી તો પ્રો. કબડ્ડીમાં "બેસ્ટ પ્લેયર" પણ બન્યાં હતા. સાઈ ગાંધીનગરના સેન્ટર ફોર એક્સેલન્સીના વિકાસ અને ઉત્તમ સુવિધા માટે સાઈના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુનું યોગદાન ખૂબ જ મહત્વનું રહ્યું છે. વળી, તેમની ફાઈનલ મેચમાં હાજરીએ પણ આ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

જુઓ... પચીસસો રૂપિયામાં ફ્લાઈટમાં જવાની સ્કીમમાં મને લઈ નહીં જાવ તો... દિવાળી સુધી હું મિઠાઈ બનાવ્યે જ રાખીશ... સરવાળે તમને મોંઘુ પડશે... કહી દઉં છું...!!!

ડાયમંડ ઉદ્યોગે ગુજરાતને સમૃદ્ધ બનાવ્યું : ચુડાસમા

ગાંધીનગર,તા. ૨૩

મહેસુલમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ડાયમંડ ઉદ્યોગે સુરત જ નહી પણ સમગ્ર ગુજરાતને સમૃધ્ધ કર્યું છે. આ ઉદ્યોગ ક્ષેત્રે રીસર્ચ થાય તો અનેકગણી રોજગારીઓનું સર્જન પણ તેમ મંત્રીએ કહ્યું હતું. આ પ્રસંગે ડાયમંડ બુર્સના ડિરેક્ટર મથુરભાઈ સવાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ડાયમંડ બુર્સના નિર્માણથી દુનિયાના વ્યાપારી સુરત આવીને પોલિશ્ડ ડાયમંડની ખરીદી કરશે. સુરતના ડાયમંડ સામે ચીન પણ ટક્કર લઈ શકતું નથી તેનો ઉલ્લેખ કરીને ડાયમંડ ઉદ્યોગના વિકાસમાં સૌને સાથે મળીને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

મોદી માત્ર ભાજપમાં હોય તે જરૂરી નથી, કોંગ્રેસમાં પણ તે હોઈ શકે છે!

ગુજરાતમાં આવનારા પાંચ વર્ષમાં જે રાજકીય પાર્ટી મહત્વની બાબતોને પારખીને તેનો અમલ કરે તો તે પાર્ટીના વિજયરથને કોઈ અટકાવી શકે તેમ નથી. હકીકતમાં સરકારે સર્જીકલ સ્ટ્રાઈક આવી મહત્વની જગ્યાએ કરવાની જરૂર છે. લોકોને 'માય ગવર્મેન્ટ' નો અહેસાસ થશે તો ખોબલે ખોલબે મતો મળી શકે તેમ છે. ગુજરાતના રાજકારણમાં દરેક વ્યક્તિ નરેન્દ્ર મોદી બની શકે તેમ છે, પછી તે ભાજપ હોય કે કોંગ્રેસ પાર્ટી- મોદી બધે જ હોઈ શકે છે- માત્ર વિઝન જોઈએ. લોકોની નાડ પારખવાની શક્તિ હોવી જોઈએ.

સંપૂર્ણ ગુજરાત માટે –

૧. ગુજરાતમાં નવી મ્યુનિસિપલ કોર્પોરેશનની રચનાની જાહેરાત
૨. ૬૦ લાખ કરોડના એમઓયુ સફળ બનાવવા માસ્ટરપ્લાન
૩. રાજ્યમાં અર્બન ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રાફિક નિયમન પોલિસી
૪. ગુજરાતના ૧૬૪૦ કિલોમીટરના દરિયાકાંઠાનો વિકાસ
૫. ગુટખા અને પ્લાસ્ટીક ફ્રી ગુજરાતનો અમલ

કૃષિ અને ખેડૂતો માટે –

૧. ગુજરાતના કૃષિ ઉત્પાદન અને કૃષિ વિસ્તારનો વિકાસ
૨. ગાય આધારિત વ્યવસાયને વધારે પ્રોત્સાહન
૩. ખરાબા, કોતરો અને નકામી જમીનનો ખેતીમાં ઉપયોગ
૪. વચેટીયા દૂર કરી ખેડૂતો સીધા ગ્રાહકોને આંગણે જાય તેવી વ્યવસ્થા
૫. એક વિઘામાં ચાર વિઘાના પાક – મલ્ટીસ્ટોરિયેડ એગ્રીકલ્ચરને પ્રોત્સાહન

ઉદ્યોગ સેક્ટર માટે –

૧. ફાઈલમાં નહીં સાચા અર્થમાં સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત
૨. ખોટ કરતાં જાહેર સાહસોને મર્જ કરી તમામને નફો કરતાં બનાવવા
૩. કૃષિને ઉદ્યોગનો દરજ્જો આપ્યો હોવાથી કૃષિ આધારિત ઉદ્યોગને મહત્વ
૪. છત્તીસગઢની જેમ ૪૮ કલાકમાં ઉદ્યોગના પ્રોજેક્ટને મંજૂરી
૫. સેઝ અને સર ની જેમ એન્ટરટેઈનમેન્ટ ઝોન ક્રિયેટ કરવા

યુવા રોજગારી માટે –

૧. સરકારની તમામ ખાલી જગ્યા રેગ્યુલર પોસ્ટીંગથી ભરવી
૨. ગુજરાતમાં વોકેશનલ પબ્લિક સ્કૂલોની સ્થાપના, ગ્રામીણ રોજગાર
૩. વિશ્વના બજારોમાં ગુજરાતી યુવાનોને તક મળે તેવી ખાસ ટ્રેઈનિંગ સ્કૂલ
૪. બેન્કેબલ યોજનામાં સ્વરોજગાર માટે સરકાર ગેરંટરની ભૂમિકામાં
૫. અર્ધ સરકારી અને ખાનગી નોકરી માટેના ભરતી મેળાઓનું આયોજન

રાજ્યની મહિલા અને બાળકો માટે –

૧. મહિલાઓને રોજગાર માટે તાલીમની કાયમી વ્યવસ્થાનો વ્યાપ વધારવો
૨. સ્વરોજગાર માટે પ્રોત્સાહન અને પોલિટીકલ ટ્રેઈનિંગ સ્કૂલ ફોર વુમન
૩. મહિલાઓને સ્વબચાવની ટ્રેઈનિંગ આપતી શહેરી સ્કૂલોની સ્થાપના
૪. નારી ગૌરવ નિતીની જેમ બાળ ગૌરવ નિતીની રચના
૫. સાહસિક મહિલા અને બાળકોનું જાહેરમાં સરકારી સન્માન

લોકોની સલામતી માટે –

૧. લોકોની સલામતી માટે ટ્વેન્ટી બાય સેવન પોલીસ સુરક્ષા
૨. રાજ્યભરમાં પોલીસ પ્રજાનો મિત્ર બને તે માટે ત્રિસ્તરીય વ્યવસ્થાપન
૩. તમામ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન એફઆઈઆર સિસ્ટમનો અમલ
૪. પોલીસ હેલ્પલાઈન, પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પેટી
૫. ગુનેગારોની યાદી જાહેર કરવી, ફરિયાદીને રક્ષણ આપવાની જોગવાઈ

અન્ન અને નાગરિક પુરવઠો –

૧. ગરીબ લોકોને સસ્તુ અને પુરતું અનાજ મળે તે કેન્દ્રમાં સતત માગણી
૨. ગ્રાહકોને જાગૃત કરવા પુરવઠા વિભાગમાં ફરિયાદ પેટી
૩. આરોગ્ય, પોલીસ, ગ્રાહકોની બાબતોમાં મંત્રીની કચેરીમાં ફરિયાદ પેટી
૪. ખોરાકમાં ભેળસેળ સામે પ્રતિ માસ રાજ્યવ્યાપી ખાસ પ્રકારની ઝૂંબેશ
૫. બીપીએલ અને એપીએલ માટે કેન્દ્રમાંથી જરૂરી હિસ્સો મેળવવો

ગુજરાતમાં કોઈપણ પાર્ટીને વિજયી બનાવતો પાંચ મુદ્દાનો કાર્યક્રમ

વહીવટી તંત્રમાં નવી ચેતના –

૧. કર્મચારીના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ
૨. વિભાગના કામને અસરકારક પરિણામ સુધી પહોંચાડ્યું હશે તેને પુરસ્કાર
૩. ગુજરાતમાં બેસ્ટ IAS, IPS, IFS, GAS ઓફિસરની સ્પર્ધાત્મક ઘોષણા
૪. સરકારી કચેરીઓમાં પાંચ દિવસનું સપ્તાહ કરવાની વિચારણા
૫. કર્મચારી માટે નોકરીના સ્થળે રહેણાંકના પ્લોટ આપવાની યોજના

પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માટે –

ભ્રષ્ટાચાર અને બેરોજગારી માટે સર્જીકલ સ્ટ્રાઈકની આવશ્યકતા છે

૧. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી પ્રોગ્રામને વધારે પ્રભાવી બનાવવા
૨. અંગ્રેજી સાથે ગુજરાતી ભાષાની ફરજીયાત જાળવણી
૩. સ્કૂલોમાં પુરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષકોની ઘટ દૂર કરવી
૪. બાળકોના વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રયોગોને પ્રોત્સાહન
૫. બાળકો સમજી શકે તેવો હળવો અભ્યાસક્રમ, પ્રયોગાત્મક અભિગમ

ઉચ્ચ શિક્ષણ માટે –

૧. ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં મેડીકલ કોલેજની સ્થાપના.
૨. તમામ કોલેજોમાં અભ્યાસક્રમ પ્રમાણે પ્રાધ્યાપકોની પુરતી સંખ્યા
૩. સ્ટુડન્ટ્સ અને પ્રોફેસરો માટે ઈન્ટરનેશનલ એક્સચેન્જ પ્રોગ્રામ
૪. બીકોમ,બીએસસી,બીએના બેઝીક અભ્યાસક્રમ માટે વિવિધ પ્રોત્સાહનો
૫. સરકારી તેમજ પ્રાઈવેટ કોલેજોમાં ઓનલાઈન શિક્ષણનો પ્રયોગ

સૌના માટે આરોગ્ય –

૧. પ્રત્યેક મોટા શહેરમાં ડોક્ટર હાઉસ કે મેડીસિટી બનાવવા પ્રોત્સાહન
૨. આયુર્વેદ અને હોમિયોપથી પદ્ધતિને સૌથી વધારે પ્રોત્સાહન
૩. સાપુતારા અને ગીરનારમાં આયુર્વેદ મેડીસીનના હબની ઘોષણા
૪. ગુટખાની જેમ અન્ય વ્યસનોની સામે પણ સખ્ત ઝૂંબેશ ચલાવવી
૫. ભેળસેળ સામે રાજ્યવ્યાપી ઝૂંબેશ વડે આરોગ્યનું રક્ષણ

સૌના માટે આવાસની સુવિધા –

૧. ગુજરાતમાં પ્રત્યેક પરિવારને ઘરનું ઘર મળે તે માટેની યોજનાઓ
૨. શહેરોમાં આવાસની વધારે સ્કીમો મૂકવી જેથી કિંમતો ઘટી શકે.
૩. હાઈવે ઈકો સિટીનો કન્સેપ્ટ, નદીના બન્ને કિનારાનો વિકાસ કરવો
૪. ગામડામાં પણ ગ્રીન એપાર્ટમેન્ટની સ્કીમો લાગુ કરવા પ્રોત્સાહનો
૫. દરિયાકિનારે લો-રાઈઝ ટાઉનશીપ માટે અલાયદી પોલિસી

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે –

૧. ગ્રામ પંચાયતમાં લોક વહીવટ માટેની તમામ સત્તાઓ

હિન્દુ-મુસ્લિમ કે જ્ઞાતિ આધારિત રાજનિતી છોડો, ડેવલપમેન્ટ કરો

૨. તાલુકા અને જિલ્લા પંચાયતોમાં ખૂટતી સુવિધાઓ પૂર્ણ કરવી
૩. ભ્રષ્ટ આચરણ બદલ પદાધિકારીની હાકલપટ્ટી ફરજીયાત
૪. પ્રત્યેક નાગરિકને સંસ્થાઆમાં આદર સન્માન આપવાની પ્રથા
૫. સંસ્થાના પ્રમુખ અને અધિકારી વચ્ચે સંકલનના પ્રયાસો

મહેસૂલ વિભાગ માટે –

૧. લોકોને ધક્કા ખાવામાંથી મુક્તિ મળે તે માટે ફુલપ્રુફ સુવિધાઓ
૨. મહેસૂલી જટીલ કાયદા હજી અસ્તિત્વ ધરાવતા હશે તો તેનું નિર્મૂલન
૩. જમીન કૌભાંડોના આરોપીને સજા કરાવતા સેલને વધારે સત્તાઓ
૪. ગુજરાતભરની જમીનોની ફેરમાપણીનો દસ્તાવેજ તૈયાર કરવો
૫. લોકો ઉપર બોજ ન પડે તે રીતે મહેસૂલી આવકમાં વધારો કરવો

સામાજીક ન્યાય માટે –

૧. બાકી રહેલા અથવા ઉમેરાયેલા વંચિતોનો વિકાસ કરવાની નેમ
૨. પ્રત્યેક ગરીબ પરિવારને પણ આરોગ્ય તેમજ શિક્ષણ સુવિધા
૩. આદિજાતિ તેમજ સાગરખેડૂ યોજનાઓમાં હવે બમણાં લાભ
૪. હિન્દુ, મુસ્લિમ, શીખ, જૈન અને ક્રિશ્ચિયન માટે ડેવલપમેન્ટ કન્સેપ્ટ
૫. હાલની માથાદીઠ આવક ૭૫ હજારથી વધારીને ૯૦ હજારે લઈ જવી

પ્રવાસન પ્રોજેક્ટ માટે –

૧. ગુજરાતના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો ફાસ્ટટ્રેક ઉપર
૨. હાઈવે હોટલોના કન્સેપ્ટમાં સરકારની શરતી ભાગીદારી
૩. રાજ્યમાં ૧૦ ફિલ્મસિટી અને સ્ટુડિયો, ૧૪ બીચ ડેવલપમેન્ટ
૪. થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલોને આકર્ષવા નવી હોટલ નિતી
૫. ટુરિસ્ટોને આકર્ષવા માટે રાજ્યોના મુખ્ય શહેરોમાં ગુજરાત આકર્ષણ કેન્દ્ર

નાગરિક ઉડ્ડયન માટે –

૧. ગુજરાતમાં ૨૦ વર્ષનો સિવિલ એવિયેશન માસ્ટરપ્લાન
૨. આંતર રાજ્ય અને આંતર શહેર એરટેક્સીની સુવિધા
૩. એરપોર્ટનું અપગ્રેડેશન અને નવી હવાઈ પટ્ટીઓનો વિકાસ
૪. એવિયેશન ટ્રાફિક ફોરકાસ્ટનું ટેલીકાસ્ટ, ઈન્સ્ટીટ્યુશન ફ્રેમવર્ક
૫. ગુજરાતમાં અલાયદું

શહેરી વિકાસની યોજનાઓ –

૧. નાના-મોટા શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધારવી
૨. ખાનગી ભાડાના વાહનો માટે કાયમી પાર્કિંગની સુવિધા પ્રાપ્ય બનાવવી
૩. મહત્વના શહેરોમાં સોલાર પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ માટે લેન્ડ બેન્ક
૪. આઠ મોટા શહેરોના ભાવિ આયોજન માટે લેન્ડ બેન્ક
૫. પ્રત્યેક મોટા શહેરમાં સાયન્સ સિટીનું નિર્માણ

કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નો –

૧. કલ્પસર યોજના માટે કેન્દ્રીય સહાયની દરખાસ્ત
૨. ગુજરાતને થતાં નાણાકીય અન્યાય અને મંજૂરીઓ માટે ખાસ કમિટિ
૩. મોટા શહેરોમાં વાહનો માટે સસ્તો સીએનજી ગેસ ફાળવવા દબાણ
૪. દરિયાકાંઠાના જિલ્લાઓમાં એનસીસી નેવી વિંગ શરૂ કરવા રજૂઆત

● અનુસંધાન પાન-૭ પર